**ફો.કે.નં:- 1664-2022**

**આંક ૧ લગત હુકમ**

**૦૧.** હાલના કેસમાં પોલીસ દ્વારા આરોપી વિરુધ્ધ ધી પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)(બી), ૮૫ મુજબ શિક્ષાને પાત્ર ગુનાનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ જેમાં પ્રોહીબીશન એકટની કલમ– ૮૫ અન્વયે અલગથી ડીસ્ચાર્જ ઓર્ડર કરવામાં આવેલ છે અને આરોપી સામે પ્રોહીબીશન એકટની કલમ– ૬૬(૧)(બી) મુજબનો ગુનો બનતો હોય કેસનું રેકર્ડ જોતાં કેસ જુનો છે. અદાલત દ્વારા આરોપીને હાજર રખાવવા અવાર–નવાર પ્રોસેસ સમન્સ/વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ છે. સદર પ્રોસેસ બજવણી કરનાર અમલદાર દ્વારા બજેલ કે વગર બજે પરત આવેલ નથી/ આરોપી ચાલ્યા ગયા છે/મળી આવતાં નથીના શેરા સાથે પરત આવેલ છે. અદાલત દ્વારા અવાર નવાર સમન્સ/ વોરંટ કાઢવા છતાં ફરીયાદપક્ષ આરોપીને અદાલતમાં હાજર રાખવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે. ફરીયાદપક્ષની નિષ્ફળતાને કારણે કેસ લંબાયેલ છે. સદર ગુનાનો પ્રકાર ધ્યાને લેતાં **સમરી** ટ્રાયેબલ ગુનો છે. પોલીસ ચાર્જશીટ ઉપરથી દાખલ કરવામાં આવેલ છે. અદાલત દ્વારા આરોપીને હાજર રખાવવા ફરીયાદપક્ષને વ્યાજબી અને પુરતી તક આપવામાં આવેલ છે. આમ છતાં ફરીયાદપક્ષ આરોપીને હાજર રાખવામાં નિષ્ફળ ગયેલ છે. સદર કેસનો પ્રકાર તેમજ રેકર્ડ ધ્યાને લેતાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૫૮ માં પડતો જણાઈ આવેલ છે. નામદાર સુપ્રિમ કોર્ટે **AIR 2012 SC 3217 Ranjan Dwividi Vs.CBI through The Director General with Ac.Sudevandna Avadhuta Vs. CBI through The Director General** ના ચુકાદામાં ઠરાવેલ છે કે ફોજદારી કોર્ટોએ ઉચિત કેસોમાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની ક. ૩૦૯,૩૧૧ અને ૨૫૮ની સત્તાનો ઉપયોગ ન્યાયના હિતમાં કરવો જોઈએ.એપેક્ષ કોર્ટે ઠરાવેલ છે કે **The Criminal courts should exercise their available powers ,such as those under sec 309,311,258 of the code of criminal procedure to effectuate the right of speedy trial. A watchful and diligent trial judge can prove to a better protector of such right than any guidelines. In appropriate cases, jurisdiction of the high court under section 482 Crpc and Articles 226 & 227 of the constitution can be invoked seeking appropriate relief or suitable directions.**

**૨.** આ ઉપરાંત નામદાર બોમ્બે હાઈકોર્ટે **Mulchand Motilal Raka Vs. The State of Maharastra 1996 Crimes 177 BOM** નો ચુકાદો ધ્યાને લેતાં તેમાં ઠરાવેલ છે કે **Section 258 of the code which empowers to stop the proceedings in certain cases is inteded to meet with certain situations ,where the presence of accused persons cannot be secured or presence of any important witness cannot be secured by the prosecution which is necessary for the trial of the case. Therefore, where the Magistrate does not find it possible to dispose of the matter adopting normal procedure contemplated by the code for one reason or other such as herein above stated, in such situation it would be open to Magistrate to stop further proceedings of the case .Section 258 of the code can be resorted to where the special unusual circumstances exist, such as non-appearance of the accused before the court for considerable time or of the important witness of the prosectuion, which make it difficult or impossible for the Magistrate to proceed with the case in normal way. Therefore in such situation ,where the Magistrate finds it difficult to decide the case on merit ,whithout any hindrance , in**

**the normal manner, as per procedure under the code, the provisions of Section 258 of the can be resorted to.**

**૦3.** સદર ગુનાના ચાર્જશીટ મુજબ આરોપી સામે જે ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે તેમાં આરોપી સામે અગાઉ કોઈ અન્ય ગુનો નોંધાયેલ હોય અને તેવા ગુનામાં આરોપીને સજા થયેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડમાં સામેલ નથી. આમ, ગુજરાત સરકાર ધ્વારા ગુજરાત નશાબંધી અધિનીયમ–૧૯૪૯ ની કલમ–૮૫ ની જોગવાઈ ધ્યાને લઈ આરોપી સામે તે કલમ સહીત ચાર્જશીટ કરવામાં આવેલ છે પરંતુ આ કામના આરોપી સામેલ કરવામાં આવેલ ચાર્જશીટ મુજબ પ્રોહીબીશન એકટની કલમ–૮૫ મુજબનો ગુનો બનતો ન હોય જેથી તેમાં ડીસ્ચાર્જ કરવા માટે આંક–૦૧ લગત અલગથી હુકમ કરવામાં આવેલ છે. પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) મુજબ પ્રથમ ગુના માટે છ મહીના સુધીની અને  એક હજાર રૂપિયા સુધીના દંડની જોગવાઈ કરવામાં આવેલ છે. જો કે હાલના ગુનામાં ચાર્જશીટ મુજબ પ્રોહીબીશન એકટની કલમ–૮૫ મુજબ ગુનો બનતો ન હોય જેથી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૫૮ માં કરવામાં આવેલ જોગવાઈ તેમજ કેસનું રેકર્ડ તેમજ ઉપરોકત ચુકાદા ધ્યાને લેતાં સદર કેસ જુનો છે. જેથી તેને તે જોગવાઈ મુજબ ફેંસલ કરી શકાય તેમ છે. ફરીયાદપક્ષને/પોલીસને  પુરતી તકો આપવા છતાં આરોપીને હાજર રખાવી શકેલ નથી. હાલના કામે આરોપી વિરુધ્ધ ચાર્જશીટ દાખલ કર્યા તારીખથી આજ દિન સુંધી સમન્સ/વોરંટની બજવણી કરી આરોપીને હાજર રખાવી શકેલ નથી. આરોપી વિરુધ્ધ આક્ષેપીત ગુના ની સજાની જોગવાઈ તેમજ કેસનો પ્રકાર ધ્યાને લેતાં કેસને લંબાવવા માટે કોઈ વ્યાજબી કારણ જણાતું નથી. આથી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ  ૨૫૮ અન્વયે આરોપી વિરુધ્ધની કાર્યવાહી પડતી મુકી  ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**//હુકમ//**

૧ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૫૮ તળે આરોપી સામે ની હાલની ઈન્સાફી કાર્યવાહી પડતી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપી મળી આવે તો ચાર્જશીટ કરી શકાશે અને ફોજદારી કાર્યરીતિ સંહિતાની ૩૦૦(૫)નો બાધ આવશે નહિ.

હુકમ આજરોજ તારીખ ૦૯ મી માર્ચ સને ૨૦૨૪ ના રોજ રાષ્ટ્રીય લોકઅદાલત ના સ્ પેશીયલ સીટીગમાં  વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૦૯/૦૩/૨૦૨૪**
**અમદાવાદ.**

**(શ્રી બી.પી મહીડા)**
**કોડ નં.–૦૧૧૨૨**
**એડિ.ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નં.૧, અમદાવાદ.**